## (૪) મત્સ્ય ઉદ્યોગ :

ગુજરાત રાજયને કુદરતે વિશાળ જળ સંપતિ બક્ષેલ છે.આ વિશાળ જળ રાશી પૈકી ૧૬૦૦ કિ.મી. દરિયાળ જળ વિસ્તાર (જે ભારતમાં સૌથી મોટો છે)તેમાં બે અખાતો, કચ્છનો અખાત અને ખંભાતનો સમાવેશ થાય છે.જે દરિયાઈ જળ જીવોનાં કુદરતી વિકાસ માટે ખૂબ જ અનુકૂળ છે. દરિયાઈ કાંઠા વિસ્તારમાં પથરાયેલ ૩,૭૬,૦૦૦ હેકટર વિસ્તાર ભાંભરા પાણીમાં થતાં જળ–જીવા માટે અનુકૂળ તેવો વિશાળ વિસ્તાર તેમજ મીઠાં પાણીનો જળ વિસ્તાર જોઈએ તો પાંચ પ્રમુખ બારમાસી નદી (૧૧૯૨ કિ.મી.) આશરે ૧૫૦ મધ્યમ અને મોટા જળાશયો સરોવરો (૨,૪૨,૦૦ હેકટર) ૫૨૦૦ સિચાંઈ તળાવો, ગ્રામ તળાવો (૬૪,૫૦૦ હેકટર) તેમજ લગભગ ૨૧૦૦૦ હેકટર નદી મુખ પ્રદેશ વિસ્તાર (ESTUARINE AREA) આવેલા છે. આ તમામ જળરાશીમાં જુદી જુદી જાતોની મત્સ્યોનો કુદરતી વિકાસ થાય છે. માછીમાર પ્રણાલિકાગત રીતે વર્ષોથી આ જળરાશીમાંથી પોતાની આજીવિકા માટે માછીમારી કરતો આવ્યો છે. પરંતુ કુદરતી મત્સ્ય ઉત્પાદનની એક મર્યાદા હોય છે, તેથી આ રીતે મળતાં ઉત્પાદન ધ્વારા નિરંતર વધતી જતી વસ્તીની વધતી જતી જરૂરિયાતને સંતોષી શકાય તેમ નથી.વળી આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિઓનાં માછીમારી વ્યવસાયમાં થતાં ઉપયોગનાં કારણે કુદરતી મત્સ્ય ક્ષેત્રોને ખેડવાથી પણ તેમાં ઘટાડો થવા લાગે. શહેરોમાં, ગામોમાં ઔદ્યોગિક એકમોનાં વિકાસનાં પરિણામે પ્રદુષિત પાણી આ જળક્ષેત્રોમાં છોડવાથી પણ કુદરતી મત્સ્ય વિકાસ અને ઉત્પાદનમાં વિપરીત અસર થવા લાગી. આથી આવા અનેક પરિબળોનાં કારણે કુદરતી મત્સ્ય ઉત્પાદન હાલની જરૂરિયાતની સામે ઘટતું જાણવા લાગ્યું ત્યારે મત્સ્ય વૈજ્ઞાનિકોએ આ પરિસ્થિતિને સમજીને મત્સ્ય ઉપાદનની જરૂરીયાતને પંહોચી વળવા માટે મત્સ્ય ઉછેરનાં પ્રયોગો હાથ ધર્યા અને પ્રયોગોમાં ખૂબ જ ઉત્સાહજનક પરિણામો મળ્યા. ત્યારથી મત્સ્ય ઉછેર વ્યવસાયની વૈજ્ઞાનિક પધ્ધતિનો વિકાસ શરૂ થયો.

### ૪.૧ મત્સ્ય ઉદ્યોગ એટલે શું ?

વિવિધ પ્રકારનાં જળ વિસ્તારો જેવા કે, દરિયાઈ, નદી, નહેર, સરોવર, જળાશયો, નદી મુખપ્રદેશ વિસ્તાર તેમજ ભાંભરા પાણીમાં આર્થિક ઉપયોગિતા ધરાવતાં જળજીવો દા.ત.માછલી, ઝીંગા, મૃદુકાય પ્રાણિઓ શેવાળ, સુક્ષ્મ લીલનો પધ્ધતિસરનો વિકાસ તેમજ કુદરતમાં તેની જાળવણી કરી આર્થિક ઉપાર્જન મત્સ્યોદ્યોગ હેઠળ આવરી લેવાયેલ છે. મત્સ્યોદ્યોગ ધ્વારા વિવિધ જળ વિસ્તારોમાંથી પૌષ્ટિક આહાર મેળવવાનો મુખ્ય ઉદ્દેશ છે. જયારે કેટલીક પ્રક્રિયાઓ ધ્વારા આડ પેદાશો ઉત્પન્ન કરી તેનો ઉપયોગ ખાતર, દવા, રસાયણો, આભુષણો (મોતી) પશુ તથા મરઘાં માટેનો ખોરાક વિગેરે બનાવવામાં પણ થાય છે. અને તે ધ્વારા પણ આર્થિક ઉપાર્જન કરી શકાય.

### ૪.૨ મત્સ્ય પાલનની વિવિધ પધ્ધતિઓ

કુદરતી જળ વિસ્તારમાં કુદરતી રીતે થતાં મત્સ્ય ઉત્પાદનની એક મર્યાદા હોય છે, વળી વધતી જતી માનવ વસ્તી ધ્વારા મત્સ્ય /ઝીંગાની માંગમાં પણ સતત વધારો થવો સ્વાભાવિક છે. તદ્ઉપરાંત કુદરતી જળ વિસ્તારોમાં આધુનિક માછીમારી માટે યાંત્રિક ઉપકરણો, ઉપગ્રહ ધ્વારા મત્સ્ય ક્ષેત્રોની સચોટ માહિતી ઉપલબ્ધ થતાં કુદરતી જળ વિસ્તારમાંથી વધુ પડતી સઘન માછીમારી થવાથી તેમજ ઔદ્યોગિક એકમોની નિરંતર સ્થાપના થવાથી પ્રદુષણનો પણ વ્યાપ વધતો જવાથી કુદરતી મત્સ્ય ઉત્પાદન ઉપર વિપરીત અસર હવે જણાય છે.

આથી વધતી જતી પ્રજાની માંગને સંતોષવા માટે "એકવાકલ્ચર " એટલે કે, કૃત્રિમ જળ વિસ્તારો દ્વારા આધુનિક પધ્ધતિઓનો ઉપયોગ કરી મત્સ્ય /ઝીંગા તળાવોમાં પાણીનાં ભૌતિક રાસાયણિક તેમજ જૈવિક પરિબળોને નિયંત્રણમાં રાખી આર્થિક રીતે ઉપયોગી મત્સ્ય /ઝીંગાનું ઉત્પાદન કરવાની પધ્ધતિ એકવાકલ્ચર દ્વારા મત્સ્ય પાલનની વિવિધ પધ્ધતિઓનો વિકાસ કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

## મીઠા પાણીનાં મત્સ્ય પાલન માટે

**(અ) નાના (નર્સરી), મધ્યમ (રીયરીંગ) તથા મોટા (સ્ટોકીંગ) તળાવોમાં મત્સ્યપાલનની પધ્ધતિ :**

આ પધ્ધતિમાં ચુનો, અકાર્બનીક તેમજ સેન્દ્રિય ખાતર ઉમેરી પાણીની ઉત્પાદકતા વધારી તેમાં આર્થિક ઉપયોગિતા ધરાવતી મત્સ્યો / ઝીંગાના શુધ્ધ બિયારણો સંગ્રહ કરી ઉછેર કરી શકાય છે.

**(બ) મીઠા પાણીનાં મોટા જળ વિસ્તારોમાં મત્સ્ય પાલનની પધ્ધતિ**

આ પધ્ધતિમાં નદી, નહેર, જળાશય તેમજ સરોવરોમાં નિયંત્રિત મત્સ્ય પાલન માટે કેઈજ કલ્ચર, પેન કલ્ચર, ફલોટીંગ–નેટ–કેજ કલ્ચરની પધ્ધતિ ખૂબ જ ઉપયોગી છે.

(૧) કેઈજ કલ્ચર : કેઈજ લાકડા અથવા પીવીસી પાટીયાં વડે ચોરસ અથવા લંબ ચોરસ આકારનાં " બોકસ " બનાવી તેમાં શુધ્ધ માછલીનાં બિયારણો સંગ્રહ કરી નદી, નહેરનાં છીછરા ભાગમાં સ્થાપિત કરવામાં આવે છે. આવા "બોકસ" માં ઉપરનાં ભાગમાં ઢાંકણું મુકવામાં આવે છે. જે ધ્વારા બોકસમાં માછલીનાં બિયારણ મુકી શકાય અને ઉછેર બાદ મોટી માછલી કાઢી શકાય. બે પાટીયાં વચ્ચેની તિરાડ મારફત પાણી બોકસમાં દાખલ તેમજ કાઢી શકાય છે. આમ માછલીને કુદરતી વાતાવરણ તેમજ ખોરાક પણ મળી શકે છે અને આમ કેઈજ દ્વારા સારૂ મત્સ્ય ઉત્પાદન મેળવી શકાય છે.

(૨) પેન કલ્ચર : મોટા જળાશયો તથા સરોવરોમાં છીછરા વિસ્તારમાં ઝીણાં કણ વાળી જાળનાં કપડાને વાંસની લાકડીઓ ફરતે બાંધી લંબચોરસ બોકસનો આકાર આપી સ્થાપિત કરવામાં આવે છે. જયારે નીચે તેમજ આજુબાજુની દિવાલ જાળ દ્વારા રચવામાં આવે છે. જેને " પેન "કહેવાય છે. આ " પેન " માં શુધ્ધ બિયારણ સંગ્રહ કરી ઉછેર કરવામાં આવે છે.

(૩) ફલોટીંગ નેટ–કેઈજ કલ્ચર : ઉંડા જળાશયો અને સરાવરોમાં નિયંત્રિક ઉછેર માટે " ફલોટીંગ " નેટ કેઈજ કલ્ચર " ખૂબ જ ઉપયોગી છે. આ પધ્ધતિમાં લાકડાનો તરાપો, ઝીણા કણની જાળનું કપડું અને હવા ભરેલી રબ્બર ટયુબ અથવા હવાચુસ્ત સીલ કરેલાં પીપ (તારકતા માટે ) ઉપયોગમાં લેવાય છે.

તરાપામાં ચોરસ ખાંચામાં ઝીણાં કણની જાળનું કાપડ ને "પેન"ની જેમ પાણીમાં માપસર વજનીયાં વડે બાંધી ચોરસ આકાર આપવામાં આવે છે. આ પેન પાણીની સપાટીથી ૧૫–૨૦ સે.મી. ઉંચુ રાખવામાં આવે છે કે જેથી જળાશયની શીકારી માછલી "પેન " માં ન આવી શકે અને ઉછેર થતી માછલી જળાશયમાં ન જઈ શકે.

મત્સ્ય પાલનની પધ્ધતિ તળાવમાં બીજ સંગ્રહ કરવાની સંખ્યાના આધારે ત્રણ ભાગોમાં વહેચી શકાય.

(૧) **પ્રણાલીકાગત પધ્ધતિ** (TRADITIONAL METHOD)

(૨) **અર્ધ સઘન પધ્ધતિ** (SEMI - INTENSIVE METHOD)

(૩) **સઘન પધ્ધતિ** (INTENSIVE METHOD)

પ્રણાલિકાગત પધ્ધતિમાં ઉછેર તળાવોમાં ખાતર અને ખોરાકના ઉપયોગ વગર કુદરતી જળવિસ્તારમાંથી પ્રાપ્ત કરેલાં મત્સ્ય બીજ સંગ્રહ કરી ઉછેર કરવામાં આવે છે તે દ્વારા થતું મત્સ્ય

ઉત્પાદન ખૂબ જ ઓછું અને અનિયમિત હોય છે. મત્સ્ય બીજનાં સંગ્રહનું પ્રમાણ હેકટરદીઠ ૫૦૦–૧૦૦૦ નંગ બિયારણનું હોય છે.

અર્ધસઘન પધ્ધતિમાં ઉછેર તળાવને ચુના, ખાતર દ્વારા ઉત્પાદકતા જાળવી તેમાં શુધ્ધ બિયારણો ૫૦૦૦ થી ૧૦૦૦૦ નંગ હેકટર દીઠ ઉમેરી ઉછેર કરવામાં આવે છે. તેમજ યોગ્ય વૃધ્ધિ માટે પૌષ્ટીક ખોરાક આપવામાં આવે છે. આ પધ્ધતિ દ્વારા વધુ ઉત્પાદન મળે છે.

સઘન મત્સ્ય ઉછેરમાં મત્સ્ય બીજ સંગ્રહ દર ૧૦,૦૦૦ થી ૨૫,૦૦૦ નંગ પ્રતિ હેકટર રાખવામાં આવે છે અને સંપૂર્ણ ખોરાક બહારથી આપી વધુ ઉત્પાદન મેળવાય છે.

### ૪.૩ મત્સ્ય પાલન માટે વિવિધ સહાય યોજનાઓ

મત્સ્યોદ્યોગના સર્વાંગી વિકાસ માટે રાજય તેમજ કેન્દ્ર સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મુકેલ છે. આ યોજનાઓ અંતર્ગત મત્સ્ય ખેડૂતોને મત્સ્યોદ્યોગના જુદા–જુદા હેતુઓ માટે સરકારી સહાય પૂરી પાડવામાં આવે છે, તેની વિગત નીચે દર્શાવેલ છે.

#### ૧. ઝીંગા ફાર્મ વિકસાવવા માટેની સહાય

નવા સાહસીકોને નવા ઝીંગા ફાર્મ બનાવવા માટે પ્રોત્સાહન પૂરુ પાડવા માટે અને ઉત્પાદન ક્ષમતા વધારવા માટે ઝીંગા ઉછેર કરતાં ખેડૂતોને સ્થાયી ખર્ચની ૨૫ ટકા રકમ અથવા જળ વિસ્તારનાં પ્રતિ હેકટર દીઠ રૂા. ૪૦,૦૦૦/– બે માંથી જે ઓછું હોય તે મળવાપાત્ર છે. આ લાભ વ્યકિત દીઠ ૫ હેકટર અથવા તેથી વધુ વિસ્તાર માટે રૂા. ૨ લાખ સુધી સીમીત છે.

#### ૨. ઝીંગા ફાર્મમાં પાણી શુધ્ધિકરણ એકમ બનાવવા માટેની સહાય

ઝીંગા ઉછેર તળાવોમાં વાયરસ (રોગાણું)થી ખૂબ જ નુકસાન થાય છે, વાયરસથી થતાં રોગોની એક ફાર્મમાંથી બીજા ફાર્મમાં સમાંતર ફેલાવો અટકાવવામાટે ૫૦ હેકટર અથવા વધુ વિસ્તાર ધરાવતા ઝીંગા ખેડૂતને સ્થાયી રકમનનાં ૨૫ ટકા, ૫.૦ હેકટર જળવિસ્તાર ધરાવતા ફાર્મ માટે વધુમાં વધુ રૂા. ૧.૫ લાખ તથા ૧૫ હેકટરથી વધુ વિસ્તાર ધરાવતા લાભાર્થીને વધુમાં વધુ રૂા. ૬ લાખ સુધીની સહાય તળાવનાં પાણીના શુધ્ધીકરણ એકમની સ્થાપના માટે આપવામાં આવે છે.

#### ૩. ઝીંગા ખેડૂતો માટે જમીન તથા પાણીની ચકાસણી માટેના સાધનોની ખરીદી માટેની સહાય

ઝીંગા ફાર્મ માટેના પાણી અને જમીનન વિવિધ પરીબળોનાં નિયમિત અભ્યાસ માટે મત્સ્ય ખેડૂતોને પાણી પૃથ્થકરણ માટેનાં સાધનોની કુલ કિંમતના ૨૫ ટકા રકમ જેમા ઓછામાં ઓછું ૧૦ હેકટર જળ વિસ્તાર ધરાવતા ફાર્મને વધુમાં વધુ રૂા. ૩૦,૦૦૦/– ની સહાય મળવાપાત્ર છે.

#### ૪. નાના પાયે ઝીંગા બીજ ઉત્પાદન એકમ (હેચરી) સ્થાપવા માટેની સહાય

ખેડૂતોને ઉચ્ચ ગુણવતાવાળાં તંદુરસ્ત અને રોગમુકત ઝીંગા બીજ ઉપલબ્ધ થઈ શકે તે માટે ઝીંગા બીજ ઉત્પાદન એકમ (હેચરી)ની સ્થાપના માટે કેન્દ્ર સરકારની સહાય મળી શકે છે. પ્રતિવર્ષ ઓછામાં ઓછા ૧ કરોડ ઝીંગા ઉત્પાદન ક્ષમતા ધરાવતી હેચરી બનાવવા, કે જે દરીયાઈ ઉત્પાદન નિકાસ વિકાસ સતા મંડળમાં નોંધણી થયેલ હોય અને હેચરી માટેનાં ધારાધોરણનું પાલન કરતી હોય, તેવી વ્યકિતગત હેચરી માટે સ્થાયી ખર્ચનાં ૨૫ ટકા મુજબ વધુમાં વધુ રૂા. ૨ લાખ મળવાપાત્ર છે. સહકારી મંડળી માટે સ્થાયી ખર્ચનાં ૨૫ ટકા મુજબ વધુમાં વધુ ૨.૫ લાખ સુધી તથા સરકારી સાહસો માટે સ્થાયી ખર્ચનાં ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂા. ૬ લાખ સુધીની સહાય મળવાપાત્ર છે.

#### ૫. મધ્યમ કક્ષાની ઝીંગાની હેચરી ઉભી કરવા બાબત

ખેડૂતોને સારી ગુણવતાવાળા તંદુરસ્ત અને રોગમુકત ઝીંગા બીજ પહોંચાડવા માટે સાહસિકોને પ્રતિવર્ષ ઓછામાં ઓછા ૩૦ કરોડ ઝીંગા ઉત્પાદન કરવાની ક્ષમતાવાળી હેચરી

બનાવવા, કે જે દરીયાઈ ઉત્પાદન નિકાસ વિકાસ સતા મંડળમાં નોંધણી થયેલ હોય અને મધ્યમ કક્ષાની હેચરી માટેના સરકારશ્રી ધ્વારા નિયત કરેલા ધારાધોરણનું પાલન કરતી હોય, તેને સ્થાયી ખર્ચનાં ૨૫ ટકા ના દરે પ્રતિ એકમ દીઠ વધુમાં વધુ રૂા. ૬ લાખની મર્યાદામાં મળવાપાત્ર છે.

૬. હેચરીમાં પી.સી.આર. લેબોરેટરી સ્થાપવા માટેની સહાય

બ્રુડર / સ્પોનર માંથી બચ્ચાંનાં ઉપરી આવતાં વાયરસજન્ય રોગોનો ફેલાવો અટકાવવામાટે દરીયાઈ નિકાસ વિકાસ સતા મંડળમાં નોંધણી પામેલ હેચરી કે જે જરૂરી ધારાધોરણનું પાલન કરતી હોય તેમને સ્થાયી ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂા. ૬ લાખ પ્રતિ લાભાર્થીને મળવાપાત્ર છે.

કેન્દ્ર સરકાર જેમ મત્સ્યોદ્યોગનાં સર્વાંગી વિકાસ માટે વિવિધ સહાય યોજનાઓ ચાલાવે છે, તેમ રાજય સરકાર પણ મત્સ્યપાલનમાં વિકાસ માટે મત્સ્ય ખેડૂત વિકાસ સંસ્થા મારફત વિવિધ યોજનાઓ ચલાવે છે, તેની વિગત નીચે મુજબ છે.

૧. ગ્રામ્ય તળાવ સુધારણા

ગ્રામ પંચાયત કે રેવન્યુ હસ્તકનાં ગ્રામ તળાવો મત્સ્ય ઉછેર લાયક બનાવવા માટે, તળાવો ઉંડા કરવા, પાણીના આવક–નિકાસ દર તૈયાર કરવા વિગેરે કાર્ય માટે ખાતા / સંસ્થાના ઈજનેર તરફથી વિના મૂલ્યે ખર્ચનો અંદાજ કાઢી આપવામાં આવેલ ખર્ચ અંદાજ અનુસાર પ્રતિ હેકટર માટે રૂા. ૧ લાખ ખર્ચની મર્યાદામાં ફકત એક જ વખત આદીવાસી લાભાર્થીને ૪૦ ટકા તથા બિન આદીવાસી લાભાર્થીને ૨૦ ટકા સહાય આપવામાં આવે છે.

૨. નવા તળાવ બાંધકામ માટે

પોતાની અથવા ભાડાપટ્ટેથી મેળવેલ જમીનમાં પાણીની વ્યવસ્થા હોય તેવી જગ્યાએ ૧૦ હેકટર સુધીના નવા તળાવનાં બાંધકામ માટે સંસ્થાના ઈજનેરી સ્ટાફ ધ્વારા વિના મૂલ્યે કાઢી આપવામાં આવેલ ખર્ચ અંદાજ અનુસાર પ્રતિ હેકટર માટે રૂા. ૧ લાખ ખર્ચની મર્યાદામાં ફકત એક જ વખત આદીવાસી લાભાર્થીને ૪૦ ટકા તથા બિન આદીવાસી લાભાર્થીને ૨૦ ટકા સહાય આપવામાં આવે છે.

૩. મત્સ્ય ઉછેર

તળાવ સુધારણા/નવા ં તળાવ બાંધકામ બાદ તળાવમાં મત્સ્ય ઉછેર માટે જરૂરી મત્સ્યબીજ, મત્સ્યબીજ ખોરાક, ખાતર વગેરે માટેનાં ખર્ચ ઉપર પ્રતિ હેકટર દીઠ રૂા. ૧૬,૦૦૦/– ખર્ચની મર્યાદામાં સંસ્થા તરફથી ફકત એકજ વખત બિન આદીવાસી લાભાર્થીને ૨૫ ટકા આદીવાસી લાભાર્થીને ૫૦ ટકા સહાય આવે છે.

૪. સંકલીત મત્સ્ય ઉછેર માટે

મત્સ્ય ઉછેરની સાથો સાથ ભૂંડ, મરઘાં, બતક ઉછેર વિગેરે માટે પ્રતિ એકમ દીઠ રૂા. ૪૦,૦૦૦/– ખર્ચની મર્યાદામાં બધાજ શ્રેણીનાં લાભાર્થીને ૨૫ ટકા સહાય આપવામાં આવે છે.

૫. એરેટર રાહત

મત્સ્ય/ઝીંગા ઉછેર તળાવોમાં પ્રાણવાયુ (ઓકિસજન) નું પ્રમાણ જાળવવામાટે વાતાવરણની હવા ઉમેરવા માટે એર બ્લોઅર / એર કમ્પ્રેશર (એરેટર)ની જરૂરિયાત રહે છે. આશરે ૩ ટન પ્રતિ હેકટર, પ્રતિ વર્ષ મત્સ્ય ઉત્પાદન મેળવવા મત્સ્ય ખેડૂતોને 'એરેટર' ખરીદી ઉપર પ્રતિ યુનિટ રૂા. ૪૦,૦૦૦/– ખર્ચની મર્યાદામાં ૨૫ ટકા રાહત આપવામાં આવે છે.

૬. મીઠાં પાણીના મત્સ્ય / ઝીંગા બીજ ઉત્પાદન એકમ (હેચરી)ની સ્થાપના માટે રાહત

**પ્રતિ વર્ષ ૫૦ લાખથી ૧ કરોડ બીજ ઉત્પાદન ક્ષમતા વાળી મીઠાં પાણીના મત્સ્ય/ઝીંગા બીજ ઉત્પાદન એકમ (હેચરી) સ્થાપના માટે રૂા. ૫૦,૦૦૦/– ની મર્યાદામાં તમામ વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે.**

**૭. મત્સ્ય ખોરાક ઉત્પાદન એકમ સ્થાપવા માટે રાહત**

**મત્સ્ય ખેડૂત અથવા જાહેર સાહસોની સંસ્થાને મત્સ્ય ખોરાક ઉત્પાદન એકમની સ્થાપના માટે વધુમાં વધુ રૂા. ૧.૦૦ લાખની અથવા ખર્ચના ૨૫ ટકા સુધીની સહાય આપવામાં આવે છે.**

**ઉપર દર્શાવેલ કેન્દ્ર સરકારશ્રીની સહાય મેળવવા માટે ભારત સરકાર હસ્તકની કચેરી "ડેપ્યુટી ડાયરેકટરશ્રી, મરીન પ્રોડકટસ એકસપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરીટી, બાઈ અવા બાઈ હાઈસ્કુલની સામે, હાલાર રોડ, વલસાડ" તેમજ રાજય સરકારશ્રી હસ્તકની દરેક જીલ્લા મથકે આવેલ "મત્સ્ય ખેડૂત વિકાસ સંસ્થાનો" સંપર્ક કરવાથી વિગતવાર માહીતી મળી શકે છે. તદઉપરાંત મત્સ્ય/ઝીંગા ઉછેર અંગેની તાંત્રિક માહીતી મેળવવામાટે આચાર્યશ્રી, મત્સ્યવિજ્ઞાન મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, રાજેન્દ્ર ભૂવન રોડ, વેરાવળનો સંપર્ક કરવા આથી જણાવવામાં આવે છે.**

–o–o–o–